# સુરત મહાનગરપાલિકા

## કેન્ટીન ચલાવવા માટે ટુંકી મુદતની કવોટેશન નોટીસ

**નં. ડી.સી.(પી. એન્ડ ડી.)/ટીપીડી./૧૩/૨૦૧૮–૨૦૧૯**

સુરત મહાનગરપાલિકાની મુગલીસરા ખાતેની મુખ્ય કચેરીમાં આવેલ કેન્ટીન ફર્નીચર સહિત એક વર્ષ માટે ભાડેથી ચલાવવા માટે આવા કામના અનુભવી ઈજારદારો પાસેથી ઓફર મંગાવવામાં આવે છે. રસ ધરાવનાર સંસ્થાઓ/વ્યકિતઓએ નિયત કવોટેશન/ઓફર ફોર્મ ટાઉન પ્લાનીંગ ખાતાની કચેરીમાંથી રજા સિવાયના દિવસોએ **તા.૧૯/૧૧/૨૦૧૮ ના રોજથી તા.૦૩/૧૨/૨૦૧૮** સુધીમાં કામકાજના સમય દરમ્યાન મેળવી લઈ આ અંગેની જરૂરી વિગતો સહિત સીલબંધ કવોટેશન/ઓફર ફોર્મ **તા.૦૪/૧૨/૨૦૧૮ ના રોજ સાંજે ૫:૦૦ કલાક સુધીમાં મુખ્ય હિસાબનીશશ્રી, સુરત મહાનગરપાલિકા, મુગલીસરા, સુરતને** ફકત રજી. એડી પોસ્ટ અથવા સ્પીડ પોસ્ટથી બાનાની રકમ પેટે સુરત મહાનગરપાલિકા, સુરતના નામનો **રૂા.૪,૦૦૦/–** નો ડીમાન્ડ ડ્રાફ્ટ/ પે–ઓર્ડર સહિત મોકલી આપવા. કોઈપણ કવોટેશન/ઓફર ફોર્મ સ્વીકારવા કે રદ કરવાનો સુરત મહાનગરપાલિકાનો હકક અબાધિત રહેશે અને તે અંગે કોઈ કારણો આપવામાં આવશે નહિ.

ઉપરોકત કામની વધુ વિસ્તૃત વિગતો ટાઉન પ્લાનીંગ ખાતુ તેમજ **www.suratmunicipal.gov.in** વેબ સાઈટ પર ઈ. સર્વિસીસ/ટેન્ડર સેકશન પરથી મળી શકશે.

**પી. આર.ઓ. નં. / /૨૦૧૮**
**તા. / /૨૦૧૮**

**ડેપ્યુટી કમિશનર**
**સુરત મહાનગરપાલિકા**

કિંમત રૂા. ૨૦૦/–

# સુરત મહાનગરપાલિકા
# ટાઉન પ્લાનીંગ ખાતુ

**કવોટેશન નોટીસ નં.ડી.સી.(પી. એન્ડ ડી.)/ટી.પી.ડી/ ૧૩ /૨૦૧૮–૨૦૧૯**

## માહિતી પુસ્તિકા

**સુરત મહાનગરપાલિકાની મુગલીસરા ખાતેની મુખ્ય કચેરીના કંમ્પાઉન્ડમાં આવેલ કેન્ટીનનો ઈજારો ટૂંકી મુદત માટે ભાડેથી મેળવવા કવોટેશન/ઓફર આપવા બાબત.**

કવોટેશન મેળવવાની શરૂઆતની તા : ૧૯/૧૧/૨૦૧૮

કવોટેશન મેળવવાની અંતિમની તા : ૦૩/૧૨/૨૦૧૮

કવોટેશન સ્વીકારવાની અંતિમ તા : ૦૪/૧૨/૨૦૧૮

કવોટેશન ખરીદનાર : ..........................................................

કવોટેશન લઈ જનાર : ..........................................................

સરનામું : ..........................................................

..........................................................

..........................................................

..........................................................

ફોન/મોબાઈલ નંબર : ..........................................................

રસીદ નં/તારીખ : ..........................................................

## –:: કેન્ટીન ભાડે રાખવાની શરતો ::–

(૧) આ કેન્ટીન એક વર્ષ માટે ફાળવવામાં આવશે. મુદત પુરી થયે કેન્ટીનનો કબ્જો સુરત મહાનગરપાલિકાને સુપ્રત કરવાનો રહેશે.પરંતુ, જો સંતોષકારક કામગીરી હશે તેમજ નિયમિતપણે નાણાં ભરપાય કરેલ હશે, તો પરસ્પર સમજુતીથી વધુમાં વધુ એક વર્ષ માટે મુદત લંબાવી/વધારી આપવામાં આવશે.

(૨) આ કેન્ટીનનું ક્ષેત્રફળ ૬૮૫.૦૦ ચો. ફુટ છે. જેમાં સંપૂર્ણ સુવિધાવાળુ રસોડુ તથા ૧ (એક) રૂમનો સમાવેશ થાય છે.

(૩) કેન્ટીનમાં મુખ્યત્વે નીચે પ્રમાણેની સુવિધાઓ સુરત મહાનગરપાલિકા પુરી પાડશે.

(૧) કાઉન્ટર નંગ–૨ (૨) ટેબલ નંગ–૧૨ (૩) બેન્ચ નંગ–૨૪

(૪) એકસોઝટ ફેન (૫) વોશ બેઝીંગ નંગ–૨ (૬)ગેસના ચુલા નંગ–૨, સીલીંડર તથા બે રેગ્યુલેટર

(૭) પવાલી નંગ–૧ (૮)સ્ટીલનું કન્ટેનર નંગ–૧ (૯) મીરર

(૧૦)મીટર રેગ્યુલેટર વિ. સાથે ગેસ પાઈપ લાઈન

(૪) કેન્ટીન ચલાવવા માટે જરૂરી બળતણ ખર્ચ તેમજ વિજળી ખર્ચ ઈજારદારે ભોગવવાનો રહેશે. ગુજરાત ગેસ કુ. લી., સુરત ઈલેકટ્રીકસીટી કું. લી.ના લાગુ પડતા બીલ, વિગેરે ઈજારદારે નિયમીત ભરવાના રહેશે. તથા અનિયમિત બીલનો દંડ વિગેરે ભરવાના થાય તો તેવી દંડની રકમ ઈજારદારે ભરપાઈ કરી તાત્કાલીક પૂર્તતા કરવાની રહેશે. તદઉપરાંત વખતો વખત લાગુ પડતા કેન્દ્ર સરકાર/રાજય સરકાર તરફથી નકકી થયેલ નિયમો/કાયદાને અમલવા સરકારી/અર્ધસરકારી ટેક્ષ, શેસ, જી.એસ.ટી.ચાર્જ, વેરા, સર્વિસ ટેક્ષ, ડયુટી વિગેરે તથા તેને લાગુ નકકી કરેલ પોલીસી મુજબ વ્યાજ/પેનલ્ટી વિગેર અલગથી ફરજીયાત પણે ભરપાય કરવાના રહેશે.

(૫) ઈજારદારે સદર કેન્ટીનની મહતમ માસિક ભાડાની ઓફર નિયત ફોર્મમાં સીલબંધ કવરમાં આપવાની રહેશે. " કવર ઉપર કેન્ટીન ચલાવવા માટેનું કવોટેશન " એમ સ્પષ્ટ લખવાનું રહેશે. માસિક લઘુતમ ભાડાની રકમ રૂા. ૧૫,૫૫૫/– પ્રતિ માસ રહેશે. (ભાડાની રકમમાં તમામ પ્રકારના મ્યુ. મિલ્કત વેરાનો સમાવેશ થાય છે તથા ઈજારદારે અલગથી મિલ્કત વેરો ભરવાનો રહેશે નહિ.) નકકી થયેલી માસિક ભાડાની રકમ પ્રમાણેના એડવાન્સ ચેકો દર મહિનાની ૧ થી ૫ તારીખ સુધીમાં મહાનગરપાલિકાના સંબંધિત ખાતામાં જમા થાય તે પ્રમાણે ઈજારદારે આપવાના રહેશે. સદર ચેકો પૈકીના કોઈપણ ચેક પરત ફરે / રીટર્ન થાય તો તે રકમ પર વાર્ષિક ૧૮% લેખે સાદુ વ્યાજ પેનલ્ટી તરીકે લાગુ પડશે તથા તે પેનલ્ટી સહિતની રકમ ઈજારદારે રોકડમાં ચુકવવાની રહેશે.

(૬) ઈજારદારે સીલબંધ ઓફર સાથે બાનાની રકમનો કમિશ્નરશ્રી સુરત મહાનગરપાલિકાના નામનો રૂા.૪,૦૦૦/–નો ડીમાન્ડ ડ્રાફટ / પે–ઓર્ડર જમા કરાવવાનો રહેશે.

(૭) ઈજારદારની ઓફર મંજુર થયેથી ઈજારદારે સીકયુરીટી ડીપોઝીટ તરીકે રૂા. ૨૫,૦૦૦/– જમા કરાવવાના રહેશે. જે ઈજારો પુરો થયેથી વિના વ્યાજ પરત કરવામાં આવશે.

(૮) ઈજારદારે કેન્ટીનમાં નીચે જણાવેલ વસ્તુઓનું વેચાણ કરવાનું રહેશે.

ચા, કોફી, દુધ, ઠંડાપીણા (નોન આલકોહોલીક), ફરસાણ, બીસ્કીટ તથા મદ્રાસી વાનગીઓ અને નાસ્તા પુરી, ભાજી, લંચ વિગેરે આ ઉપરાંત ઈજારદાર બીજી કોઈપણ ખાદ્ય વસ્તુઓનું વેચાણ કરવા ઈચ્છે તો મહાનગરપાલિકાના આરોગ્ય અધિકારીશ્રીનું પ્રમાણપત્ર મેળવી વેચી શકશે.

(૯) કેન્ટીનમાં તમામ ચીજ વસ્તુઓ ચોખ્ખી અને ગુણવતા પ્રમાણે વેચાણ કરવાની રહેશે. તેમજ સુરત મહાનગરપાલિકાના ધારાધોરણનું પાલન કરવાનું રહેશે.

(૧૦) ઈજારદારે અગ્નિશામક સાધનોની તમામ વ્યવસ્થા કરવાની રહેશે તેમજ કેન્ટીનમાં કામ કરતા કર્મચારીઓ કામદારોના આરોગ્યની કાળજી રાખવાની રહેશે. ઈજારદારે ગુમાસ્તાધારા, લઘુતમ વેતન ધારા, મજુર કાયદા હેઠળ અધિનિયમ ૧૯૭૦ હેઠળની તમામ જોગવાઈઓનો ચુસ્ત પણે અમલ કરવાનો રહેશે તેમજ તે અંગે જરૂરી લાયસન્સ લેવાના રહેશે.

(૧૧) ઈજારદારે તેઓની ઓફર મંજુર થયેથી કેન્ટીનની જગ્યાનો કબ્જો જરૂરી સાધનો સહિત ટાઉન પ્લાનીંગ ખાતા પાસેથી મેળવવાનો રહેશે અને તે સ્થિતિમાં વર્ષાનંતે પરત કરવાનો રહેશે આ સમય દરમ્યાન આ પ્રીમાઈસીસને તથા ફર્નીચરને જે કાંઈ નુકશાન થશે તે ઈજારદારે ભરપાઈ કરવાનું રહેશે.

(૧૨) કેન્ટીનનો સમય કચેરી સમય દરમ્યાન એટલે કે સવારે ૮:૩૦ થી સાંજે ૭:૦૦ સુધીનો રહેશે જાહેર રજાના દિવસે કેન્ટીન બંધ રહેશે તથા ઓફિસ સમય બાદ કેન્ટીનમાં રહી શકાશે નહિ. પરંતુ જરૂર જણાયે રજાના દિવસોમાં પણ અગત્યના કામે સુચના મુજબ કેન્ટીન ખુલ્લી રાખવાની રહેશે.

(૧૩) કેન્ટીન માટેના જરૂરી લાયસન્સો ઈજારદારે પોતે મેળવવાના રહેશે.

(૧૪) સુરત મહાનગરપાલિકાના અધિકારી, પદાધિકારીઓ, કર્મચારીઓને જરૂરી માણસો ધ્વારા ટેબલ સર્વિસ આપી જરૂરી ચીજ વસ્તુઓ પહોંચાડવાની રહેશે તેમજ કેન્ટીન રૂમમાં વાનગી પીરસવા તથા વાનગી બનાવવા માણસો ઈજારદારે રાખવાના રહેશે.

(૧૫) મહાનગરપાલિકાના સક્ષમ અધિકારીને કેન્ટીનનો વહીવટ સંતોષકારક નહિ જણાશે તો અથવા કોઈપણ શરતનો ભંગ થાય તો કોઈપણ સમયે સીકયુરીટી ડીપોઝીટ જપ્ત કરી તાત્કાલીક અસરથી ઈજારો રદ કરવામાં આવશે.

(૧૬) ઓફર મંજુર કર્યા બાદ જો ઈજારદાર કેન્ટીનનો કબ્જો સમયસર સ્વીકારે નહિ તો તેવા સંજોગોમાં બાનાની રકમ જપ્ત કરી અન્ય ઈજારદારને કેન્ટીનની ફાળવણી કરવાની કાર્યવાહી કરવામાં આવશે.

(૧૭) મહાનગરપાલિકાની પ્રીમાઈસીસમાં ચા, કોફીનું વેન્ડીંગ મશીન ચલાવવા મુકવા અન્ય વ્યકિત/સંસ્થાને મહાનગરપાલિકા પરવાનગી આપેતો કેન્ટીનના ઈજારદાર તે સામે કોઈ વાંધો લઈ શકશે નહિ.

(૧૮) ઉપરોકત શરતોમાં વખતોવખત જરૂરી સુધારા વધારા મહાનગરપાલિકા કરી શકશે તથા તે તમામ ઈજારદારને માન્ય અને બંધનકર્તા રહેશે. તથા કોઈપણ શરતોના ભંગ બદલ ઈજારો રદ કરી કેન્ટીનનો કબ્જો તાત્કાલીક મહાનગરપાલિકા હસ્તક લેવાનો અધિકાર સક્ષમ અધિકારીશ્રીને છે અને રહેશે.

**શહેર વિકાસ અધિકારી**
**ટાઉન પ્લાનીંગ ખાતુ**
**સુરત મહાનગરપાલિકા**

**ઉપરોકત તમામ શરતો મે વાંચી છે અને તે મને કબુલ મંજુર અને બંધનકર્તા છે.**

**તા. / /૨૦૧૮**

**ઈજારદારની સહી**

## ઓફર લેટર

**પ્રતિ,**
**મ્યુની.કમિશ્નરશ્રી,**
**સુરત મહાનગરપાલિકા,**
**સુરત.**

**વિષય :– મ્યુની. કેન્ટીન ચલાવવાનો ઈજારો મેળવવા બાબત.**

**મે. સાહેબ**

સવિનય ઉપરોકત વિષય અન્વયે જણાવવાનું કે, સુરત મહાનગરપાલિકાની મુખ્ય કચેરી ખાતે આવેલ મ્યુની. કેન્ટીન આ સાથે સામેલ ફોર્મમાં જણાવેલ શરતોને આધીન ચલાવવા હું સમંત છું.

વધુમાં, આ કેન્ટીન ચલાવવા માટે માસિક ભાડાની મારી મહતમ ઓફર રૂા. ________________ (અંકે રૂપિયા ________________________________________ પુરા )ની છે. જે ધ્યાને લેવા વિનંતી.

આ અગાઉ નીચે જણાવેલ સંસ્થા / કચેરીમાં કેન્ટીન ચલાવવાનો ઈજારો મે મેળવેલ જે અંગેના પ્રમાણપત્ર સામેલ છે.

| **અ.નં.** | **સંસ્થાનું નામ** | **સરનામું** |
|---|---|---|
| ૧– | | |
| ૨– | | |
| ૩– | | |

**તા. / /૨૦૧૮** ____________________________

**સુરત.** **ઓફરરની સહી તથા સિકકો**

**નામ :–**

**સરનામું :–**

# SURAT MUNICIPAL CORPORATION
## Short Term Quotation Notice Form

| | | | |
|---|---|---|---|
| **Notice No:** D.C. (P & D) / TPD / 13 / 2018-19 | | **Short Tender Notice Date:** 19 -11-2018 | |
| **Title:** Quotation Notice For SMC Canteen on Rent . | | | |
| **Description : Allotment of Surat Mahangarpalika Canteen on Rent for One Year** | | | |
| **Quatation Fee Rs.: 200.00** | | **Estimated Amount Rs.:** - | |
| **EMD Amount Rs. 4000.00** | | **Velidity Period:** - | |
| **Agency Category: -** | | | |

**Required Documents ( Tick applicable )**

| | | |
|---|---|---|
| 1 | Solvency Certificate | √ |
| 2 | Registration Certificate ( Food and Drug Control administration) | √ |
| 3 | Experience letter/ Proof of works done | √ |
| 4 | Income Tax Clearence Certificate for the last three years | √ |
| 5 | Passport size photograph of the offrer /partners | √ |
| 6 | Sales Tax Certificate | √ |
| 7 | Technical Capacity of the offerer | - |
| 8 | Finacial Capacity of the offerer | - |
| 9 | Resources available with offerer | - |
| 10 | Identity with Residence proof | √ |
| 11 | Provident fund Registration Certificate | √ |

**Tender Availability**

| | | | |
|---|---|---|---|
| **Issuing Authority:** | | Town Development Officer | |
| **Issuing Office:** | | Town Planning Department | |
| **Inviting Authority:** | | Deputy Commisioner (P & D) | |
| **Start Date:** | **19/11/2018** | **Start Time:** | 11:00 ( 24 hrs Format) |
| **End Date:** | **03/12/2018** | **End Time:** | 17:00 ( 24 hrs Format) |

**Tender Availability**

**Superscription: Sort Turm Quatation Notice No. D.C. (P & D) / TPD / 13 / 2018-19**
**For Allotment of Surat Mahangarpalika Canteen on Rent for One Year.**

**To be Submitted to:** The chief Accountant Account Office. Surat Mahanagar Palika,
Surat Mahanagar Palika, Mugalisara, Surat-03

**Node of Submission:** **RPAD:** ☐ **Postal Speed Post:** ☐ **Other** ☐

| | | |
|---|---|---|
| **Last date of Submission:** | **04/12/2018** | **Time:17:00 ( 24 hrs Format)** |
| **Probable date of Opening:** | **05/12/2018** | **Time:17:00 ( 24 hrs Format)** |

**Pre-Bid Conference ( If any )**

**Venue:** -

**Date:** - **Time:** -

| | |
|---|---|
| Signature of Issuing Authority & Date | Signature of Inviting Authority & Date |
| Town Development Officer<br>Surat Municipal Corporatation | Deputy Commisioner<br>Surat Municipal Corporatation |

**For P.R.O Department**

P.R.O. No. Date Signature